GJMR010005422026

**<u>ફોજદારી પરચુરણ અરજી નં.૨૭૬/૨૦૨૬</u>** **<u>-:: આંક-૧ તળે હુકમ ::-</u>**

૧. અરજદાર ધ્વારા હાલની અરજી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, મોરબી ગુના રજી. નં.૧૧૧૮૯૦૧૦૨૫૦૦૦૮/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૧૬(૨), ૩૧૮(૪), ૩૧૯(૨), ૩(૫), ૬૧, ૧૧૧(૨)(બી) તથા ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી એમન્ડમેન્ટ એકટ-૨૦૦૮ ની કલમ-૬૬(ડી) તથા ૬૬(સી) મુજબના ગુનાના કામે તા.૦૮/૩/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ સુધીના વચગાળા ના જામીન માટે હાલની અરજી દાખલ કરેલ છે.

૨. હાલની અરજી વંચાણે લીધી. અરજદારના વિધ્વાન વકિલ શ્રી જે.ડી.અગેચણીયા દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર દ્વારા હાલની અરજી તેમના નાની તા.૨૪/૦૨/ ૨૦૨૬ ના રોજ અવસાન પામેલ હોય અને તેની અંતીમ ક્રિયા તા.૦૯/ ૦૩/૨૦૨૬ ના રોજ હોય તેમજ તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ ધોરણ-૧૨ ની અરજદારને પરીક્ષા હોય જેથી હાલની અરજી દાખલ કરેલ હતી. પરંતુ, હાલમાં અરજદારે ફકત તા.૧૭/૦૩/ ૨૦૨૬ ના રોજ પરીક્ષા હોય જેથી તા.૧૬/૦૩/૨૦૨૬ થી તા.૧૮/૦૩/ ૨૦૨૬ સુધીના વચગાળાના જામીન પર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, અરજદારને વચગાળાના જામીન પર મુકત કરવામાં આવશે તો નામદાર કોર્ટ દ્વારા જે જે શરતો ફરમાવવામાં આવશે તેનું ચુસ્તપણે પાલન કરશે જેથી હાલની અરજી મંજુર કરવા અરજ કરેલ છે. સામાવાળા તરફે વિધ્વાન પી. પી. શ્રી વી.સી.જાની નાઓએ હાલની અરજી મંજુર થવા સામે સખ્ત વાંધો હોવાનું જાહેર કરેલ છે.

3. આ કામની હકીકત એવી છે કે, આ કામના અરજદાર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, મોરબી ગુના રજી. નં.૧૧૧૮૯૦૧૦૨૫૦૦૦૮ /૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૬(૨), ૩૧૮(૪), ૩૧૯(૨), ૩(૫), ૬૧, ૧૧૧(૨)(બી) તથા ધી આઈ.ટી. એમડમેન્ટ એકટ–૨૦૦૮ ની કલમ–૬૬ (ડી) તથા ૬૬(સી) મુજબના ગુના સંદર્ભે જયુડીશ્યલ કસ્ટડીમાં છે. તેઓ તરફે એવી રજુઆત છે કે, અરજદારને તા.૧૭/૦૩/ ૨૦૨૬ ના રોજ ધોરણ–૧૨ ની પરીક્ષા હોય જેથી તેઓને તા.૧૬/૦૩/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ વચગાળાના જામીન પર મુકત અરજ કરેલ છે. વધુમાં, હાલની અરજીમાં અરજદારે પોતે અંતિમક્રિયામાં હાજરી બાબતે આગ્રહ ન રાખી ફક્ત તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ યોજાનારી ધોરણ–૧૨ ની પરીક્ષા આપવા માટે તા.૧૬/૦૩/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ સુધી વચગાળાના જામીન માગેલ છે. અરજી સાથે રજુ થયેલ પરીક્ષા પ્રવેશપત્ર જોતાં, આ કામના અરજદારને તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ રાજકોટ ખાતે ધોરણ–૧૨ ના **154 ELEMENTS OF ACCT** વિષયની રાજકોટ ખાતે પરીક્ષા હોવાનું જણાય આવે છે. આમ, અરજદાર વિદ્યાર્થી હોવા સાથે ધોરણ–૧૨ ની બોર્ડ પરીક્ષા આપી રહ્યો છે, જે તેની શૈક્ષણિક કારકિર્દી માટે અત્યંત મહત્વપૂર્ણ છે. અરજદાર હાલ જયુડીશ્યલ કસ્ટડીમાં હોવાને કારણે પરીક્ષા આપવા અસમર્થ રહેશે, જેના કારણે તેના ભવિષ્ય પર ગંભીર અને અપૂરણીય અસર થઈ શકે છે. અરજી સાથે રજુ થયેલ પરીક્ષા પ્રવેશપત્ર પરથી સ્પષ્ટ થાય છે કે અરજદારને તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ રાજકોટ ખાતે **154 ELEMENTS OF ACCT** વિષયની પરીક્ષા આપવાની છે ત્યારે ગુનાની ગંભીરતા જોતાં તથા આરોપી નાસી ભાગી ના જાય અને મુદતે તેની હાજરી મુકરર થાય તેવા હેતુથી તથા હાલના અરજદારને પોતાના **સ્વખર્ચે પોલીસ જાપ્તા સાથે** તા.૧૬/૦૩/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ સુધી

મુકત કરવામાં આવે તો તે યોગ્ય, ન્યાયી અને ઉચીત હોવાનું આ અદાલતને જણાય આવે છે. વળી, ફરીયાદપક્ષના સાહેદો કે પંચોને તોડવા-ફોડવાની પણ કોઈ શકયતા રહેતી નથી કારણ કે અરજદાર પોલીસ જાપ્તા હેઠળ રહેશે. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-::હુકમ::-**

૧. આ કામના અરજદાર **રાહુલ હર્શદભાઈ ચૌધરી** ઉ.વ.:-૧૯, ધંધો:- અભ્યાસ, રહે.રેફ્યુજી કોલોની, જંકશન પ્લોટ, જુલેલાલ મંદીર પાસે, રાજકોટ હાલ-સબ જેલ મોરબીનાઓને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, મોરબી ગુના રજી. નં.૧૧૧૮૯૦૧૦૨૫૦૦૦૮ /૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૧૬(૨), ૩૧૮(૪), ૩૧૯(૨), ૩(૫), ૬૧, ૧૧૧(૨)(બી) તથા ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી એમડમેન્ટ એકટ-૨૦૦૮ ની કલમ-૬૬(ડી) તથા ૬૬(સી) મુજબના શીક્ષાને પાત્ર ગુનાના કામે સબ જેલ, મોરબીના જેલરશ્રી નાએ **પુરતા અને યોગ્ય પોલીસ બંદોબસ્ત/જાપ્તા સાથે તા.૧૬/૦૩/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ સુધી** અરજદારને તેમની ધોરણ-૧૨ ની પરીક્ષામાં હાજર રખાવવા અને ત્યારબાદ અરજદાર/આરોપીને પુન:જેલ હવાલે કરવાના રહેશે અને તે અંગેનો લેખિત રીપોર્ટ અત્રેની અદાલતમાં મોકલી આપવાનો રહેશે.

૨. **અરજદારપક્ષએ પોલીસ જાપ્તો મેળવવા બાબતની થતી ખર્ચની તમામ રકમ એડવાન્સમાં એસ. પી. કચેરીમાં જમાં કરાવવાની રહેશે અને તે રકમ જમા કરાવ્યા બદલની પહોંચ તેઓએ સબ જેલના જેલરશ્રીને બતાવવાની રહેશે અને ત્યારબાદ જ અરજદારને સબ જેલ મોરબીના જેલરશ્રીએ યોગ્ય અને પુરતા પોલીસ જાપ્તા સાથે હાજર રખાવવાના રહેશે.**

૩. હુકમની એક નકલ પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, મોરબી તથા સબ જેલ, મોરબીના જેલરશ્રીને અમલ થવા માટે હાથોહાથ મોકલી

આપવાની રહેશે.

હુકમ આજરોજ તા.૧૨ મી, માંહે: માર્ચ, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

સ્થળ :- મોરબી
તા.૧૨/૦૩/૨૦૨૬
//NDB//

**(પ્રથમેશ વિનોદચંદ્ર શ્રીવાસ્તવ)**
સત્ર ન્યાયાધીશ, મોરબી.
(કોડ નં.જીજે૦૦૩૭૨)